# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-04-2025** **Midday : 2.30 to 2.35pm**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# BANAS HOSPITAL RISHIKESH PATEL

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે કે, આરોગ્ય કર્મચારીઓની માંગણી અંગે સરકાર વિચારણા કરશે. પાલનપુરમાં પત્રકારો સાથે વાત કરતા તેમણે જણાવ્યું કે, પગાર વધારો કે ગ્રેડ પેથી આઠ હજાર જેટલી કેડર અથવા પંચાયતી કેડરને અસર થાય તેમ હોવાથી વિસ્તૃત સમીક્ષા બાદ નિર્ણય લેવામાં આવશે.

આજે શ્રી પટેલનાં હસ્તે પાલનપુરની બનાસ જનરલ હોસ્પિટલમાં નવનિર્મિત બ્લોક, આધુનિક ઓપરેશન થિયેટર્સ અને CT સ્કેન મશીનનું લોકાર્પણ કરવામાં આવ્યું.

હોસ્પિટલની સુવિધા અંગે શ્રી પટેલે વધુ માહિતી આપી

**(BYTE: RISHIKESH PATEL)**

# AMALSADI CHIKU

નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના પ્રસિધ્ધ અમલસાડી ચીકુને વૈશ્વિક ભૌગોલિક ઓળખ આપતા જીયોગ્રાફીકલ ઇન્ડિકેશન-જીઆઈ ટેગ આપવામાં આવ્યો છે. આ નિર્ણયથી કેનિંગ ફેકટરી, સહકારી મંડળીઓ અને ખેડૂત આલમમાં આનંદ વ્યાપી ગયો છે.

નવસારી-વલસાડ જિલ્લા ફળ અને શાકભાજી સંઘ, ગણદેવી તરફથી ચીકુનો જીઆઈ ટેગ મેળવવા માટે વર્ષ 2021 માં પ્રયાસો હાથ ધર્યા હતા. નવસારી કૃષિ યુનિવર્સિટીના સહકારથી અમલસાડ ચીકુને જીઆઈ ટેગ મેળવવા માટે અરજી કરવામાં આવી હતી. જીયોગ્રાફીકલ ઇન્ડિકેશન રજિસ્ટ્રેશન વિભાગ, ચેન્નાઈએ આ ટેગ આપતા વૈશ્વિક ફલક પર અમલસાડી ચીકુની માંગ વધશે.

ગણદેવી તાલુકામાં વાડીઓમાં કેરી અને ચીકુનો મબલખ પાક ઉતરે છે. ગણદેવી તાલુકાની વિવિધ સહકારી મંડળીઓ ચીકુની વ્યવસ્થા કરે છે, જે ટ્રેન અને ટ્રક મારફતે દેશભરના બજારોમાં પહોંચે છે.

# SPICES PARK IN UNJHA

મહેસાણામાં મસાલા પાર્કના નિર્માણ માટે કેન્દ્રીય કૃષિમંત્રીને રજુઆત કર્યા બાદ સંસદમાં પણ આ મુદ્દો  ઉઠાવવામાં આવ્યો હતો. જિલ્લાના સાંસદ હરિભાઈ પટેલે  મહેસાણાના ઊંઝા ખાતે સ્પાઇસીસ પાર્કનું  નિર્માણ કેમ જરૂરી છે તે અંગે સંસદમાં વિસ્તૃત જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે  વિવિધ રાજ્યો માંથી ખેડૂતો જીરૂં, અજમો, ધાણા અને ઇસબગુલના  વેચાણ માટે ઊંઝા માર્કેટયાર્ડમાં આવતા હોય છે જેથી  ઊંઝામાં મસાલા પાર્ક બનાવવામાં આવે તો આધુનિક પ્રયોગશાળાઓ, રેલવે અને અન્ય  સુવિધાઓ  પણ ઉપલબ્ધ થઈ શકે છે.

# Chaitri Navratri

મહીસાગરના લૂણાવાડામાં આવેલા કાલિકા ડુંગર પર પૌરાણિક કાલિકા માતાના મંદિરે આજે ચૈત્રી આઠમે ભક્તોનું ઘોડાપૂર ઊમટ્યું છે. મીની પાવાગઢ તરીકે ઓળખાતા મહાકાળી માતાજીના મંદિરે આજે ચૈત્રી નવરાત્રીની આઠમના પાવન દિવસે વહેલી સવારથી જ ભક્તો દર્શનાર્થે આવી રહ્યા છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# SOMNATH DHVAJ POOJA

આવતી કાલે માધવપુર ખાતે ઘેડ મેળાનાં પ્રારંભ પૂર્વે પૂર્વ ભારતના કલાકારો સોમનાથની મુલાકાતે આવ્યા છે. જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાએ આજે સવારે ૪૦૦ કલાકારો સાથે ધ્વજાપૂજા કરી હતી.

ઉલ્લેખનીય છે કે આજે સાંજે સાત વાગે સોમનાથ મંદિર પાસે આવેલી ચોપાટી ખાતે આ કલાકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવશે.

# ARVALLLI GANKJA SEIZURE

અરવલ્લી જિલ્લા પોલિસે ડ્રોનની મદદથી ગાંજો પકડ્યો છે. મોડાસા તાલુકાના ભચડીયા ગામની સીમમાં ઘાસની આડમાં ગાજાનું વાવેતર કર્યું હોવાની જાણકારીને પગલે અરવલ્લી જિલ્લા એસઓજી અને ગ્રામ્ય પોલીસની ટીમે તપાસ કરી હતી.

આ અંગે અરવલ્લીના ASP સંજયકુમાર કેશવાલાએ વધુ માહિતી આપીઃ

**(BYTE: SANJAYKUMAR KESHWALA)**

# CHHOTA UDEPUR SHALA KHATMHURAT

છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના કલુડી મહુડી ખાતે આઠ કરોડ 50 લાખ રૂપિયાનાં ખર્ચે બનનાર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાનું ધારાસભ્ય અભેસિંહ તડવીના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. શાળામાં વિદ્યાર્થીઓ માટે ૧૨ ઓરડા, ૨ આચાર્ય રૂમ, ૧ કમ્પ્યુટર લેબ, લાઇબ્રેરી, ૧ લેબોરેટરી રૂમ અને એક સ્ટાફ રૂમ જેવી આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ થશે.

આ સુવિધાયુક્ત આધુનિક શાળાનાં નિર્માણથી પર્વતિય વિસ્તારના બાળકોને આધુનિક સ્તરનું શિક્ષણ મળશે.

# DANG MP WITH PRESIDENT’S PORTUGAL TOUR

રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ સાતથી 10 એપ્રિલ દરમિયાન પોર્ટુગલ અને સ્લોવકીયાની મુલાકાતે જશે. સુશ્રી મુર્મુના પ્રતિનિધિમંડળમાં કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણિયાની સાથે લોકસભાના દંડક અને વલસાડ-ડાંગના સાંસદ ધવલ પટેલનો સમાવેશ કરવામાં આવ્યો છે.

રાષ્ટ્રપતિના પોર્ટુગલ અને સ્લોવાકિયા પ્રવાસ દરમ્યાન બંને દેશો વચ્ચેનાં રાજકીય અને વ્યાપારિક સંબંધો પર વાટાઘાટ થશે.

# SURENDRANAGAR KHANIJ

ચોટીલાના નાયબ કલેકટર એચ.ટી.મકવાણા અને ચોટીલા, થાનગઢ અને મુળીના મામલતદારની સંયુક્ત ટીમે સુરેન્દ્રનગર જિલ્લાના મુળી તાલુકાના અસુદરાળી,ખંપાળિયા વગડીયા અને ઉમરડા ગામોમાં બિન અધિકૃત રીતે ખનીજનું ખનન કરતા એકમો પર દરોડા પાડ્યા હતા.

તપાસ ટૂકડીએ 30 ચરખી, ત્રણસો થી વધુ ટન કોલસો, પાંચ ટ્રેક્ટર ,એક લોડર, 4 જનરેટર, 3 બાઇક, વિસ્ફોટકો અને ચાર કમ્પ્રેસર મળીને કુલ દોઢ કરોડ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરીને અનઅધિકૃત ખનીજનું ખનન કરનારા ખેડૂતો સામે કાયદેસરની કાર્યવાહી કરી છે.